# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with ‘B++’ grade

सत्यम् ज्ञानम् अनन्तम्





## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

**Vol. 16, Issue. 278, October 2025**


પ્રિય વાચક મિત્રો,

✿ દીપાવલી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ ✿



પ્રિય વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, કર્મચારીઓ તથા વિશ્વવિદ્યાલય પરિવારના સમસ્ત સભ્યો,

‘શુભં કરોતિ કલ્યાણં, આરોગ્યં ધનસંપદામ॥’

આ સનાતન મંત્રની જેમ દીપાવલીનો આ પાવન પર્વ આનંદ, ઉલ્લાસ અને મંગલકામનાનો સંદેશ લઈને આવે છે. દીપાવલીનો પ્રકાશ અંધકારને દૂર કરે છે, જેમ જ્ઞાન અજ્ઞાનને નાશ પામે છે.

જ્યારે દીપાવલીના દીપ ઝગમગવા લાગે છે અને આપણે નવા વર્ષના સ્વાગત માટે તત્પર થઈએ છીએ, ત્યારે આપ સૌ પ્રત્યેના કૃતજ્ઞ ભાવથી હૃદય ભાવવિભોર થઈ જાય છે.

આપણા ભવ્ય વિશ્વવિદ્યાલય પરિવારના દરેક સભ્યએ જ્ઞાન, મહેનત, સહકાર અને સમર્પણથી જે યશ પ્રાપ્તિ થઈ છે, તે આપ સૌની સામૂહિક સિદ્ધિ છે. દીપાવલીનો તહેવાર પ્રકાશ, આશા અને નવી શરૂઆતનું પ્રતીક છે.

તમારું જીવન દીપકની ચમક જેવી તેજસ્વી બને, મિઠાઈની મીઠાશ જેવી મીઠાશથી ભરપૂર બને, અને સાથમેળની ખુશીથી હંમેશા ઝળહળતું રહે. આ પાવન પ્રસંગે આપણે ગુજરાતી નવા વર્ષનો આરંભ કરીએ છીએ, જે નવી ઉર્જા, નવી આશા અને નવી સંભાવનાઓ લઈને આવે છે.

નવું વર્ષ એટલે નવી દિશા, નવા વિચાર અને નવી ઉર્જાનો આરંભ. આપણે સૌ મળીને આ વર્ષની શરૂઆત સહકાર, સહાનુભૂતિ અને એકતાની ભાવના સાથે કરીએ. વિદ્યાર્થી, શિક્ષક અને કર્મચારી આપણે સૌ એકબીજાના સપનાઓને સાકાર કરવામાં સબળ આધાર બનીએ.

સાચો ઉત્સવ તો ત્યારે જ થાય છે જ્યારે આપણે સામૂહિક ઉન્નતિ અને પ્રગતિ તરફ આગળ વધીએ. ચાલો, આ નવા વર્ષમાં નવી લકીરો દોરીએ, નવા લક્ષ્યો નક્કી કરીએ અને તેમને સિદ્ધ કરવાની શક્તિ મેળવીએ. જેમ એક દીપક નિઃશ્વાર્થ ભાવથી અન્યોને પ્રકાશિત કરે છે, તેમ આપણે સૌ પણ એકબીજાના જીવનમાં પ્રકાશ ફેલાવીએ.

એક શિક્ષણ સંસ્થા તરીકે, આ તહેવાર આપણને એક વિશિષ્ટ સંદેશ આપે છે. અમારું વિશ્વવિદ્યાલય જ્ઞાનના દીપક પ્રગટાવવાનું મંદિર છે. અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે આપણે સૌ એકસાથે પ્રયત્ન કરી રહ્યા છીએ, અને આ પ્રયત્નો જ આપણને જ્ઞાન, સંશોધન અને નવી શોધની દિશામાં આગળ લઈ જાય છે.

હું આશા રાખું છું કે આ નવા વર્ષમાં આપણે નવા વિચારોને આવકારીએ, નવી શોધો કરીએ અને માનવકલ્યાણના માર્ગે અવિરત પ્રયત્ન કરીએ. વિશ્વવિદ્યાલયે જ્ઞાનના ક્ષેત્રે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તે આપણા સમૂહશક્તિનું પ્રતિબિંબ છે. આ આગામી વર્ષમાં આપણે સામૂહિક રીતે વધુ ઊંચાઈઓ સ્પર્શીએ એ મારી હાર્દિક શુભેચ્છા છે.

દીપાવલી એ કેવળ ઘરને દિપકથી અને રોશનીથી સજાવવાનો તહેવાર નથી, પરંતુ તે આંતરિક શુદ્ધિ, આત્મસંયમ અને આત્મપ્રકાશનો પણ પર્વ છે. તે અજ્ઞાનરૂપી અંધકાર પર જ્ઞાનરૂપી પ્રકાશની વિજયગાથા છે.

ભગવાન શ્રીરામના અયોધ્યા વિજયની આ ઐતિહાસિક ઘટના આપણને ધર્મ, સત્ય અને ન્યાયના માર્ગે અડગ રહેવાની પ્રેરણા આપે છે. આ દીપોત્સવનો પર્વ આપના જીવનને સફળતા, આનંદ અને શાંતિથી પ્રકાશિત કરે એવી મારી અંતરંગ પ્રાર્થના છે.

આપણા જીવનમાં દેવી સરસ્વતીનો વાસ રહે, લક્ષ્મી માતા સદા પ્રસન્ન રહે, ગણપતિ બાપા અવરોધો દૂર કરે અને આપણા દરેક પ્રયાસને સફળતા મળે.

આ નવા વર્ષમાં તમારા ઘરમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને આરોગ્યનો વાસ રહે. તમારી દરેક મંગલકામના પૂર્ણ થાય. તમારું જીવન હંમેશા દીપાવલીના દીપો જેવી તેજસ્વી અને નવીનતા સાથે ઝળહળતું રહે.

દીપાવલી અને ગુજરાતી નૂતન વર્ષની અનેક અનેક હાર્દિક શુભકામનાઓ !

ધન્યવાદ સહિત, શુભેચ્છાઓ સહિત.

તા. ૧ નવેમ્બર, ૨૦૨૫ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય આત્મહત્યા નિવારણ તાલીમનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તારીખ ૦૮/૧૦/૨૦૨૫ બુધવારના રોજ 'મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર વિભાગમાં આત્મહત્યા નિવારણ તાલીમ આયોજિત કરવામાં આવી હતી. જેમાં તાલીમનો વિષય 'મનોવૈજ્ઞાનિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ' રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી ઊર્મિન દેસાઈએ કર્મચારીઓને આત્મહત્યા નિવારણ અંગે તાલીમ આપી હતી. જેના અંતર્ગત આત્મહત્યા એ ગુનો છે, આત્મહત્યાના વિચારો આવતા હોય એવી વ્યકિતને કેવી રીતે ઓળખવી, આત્મહત્યાના વિચારોવાળી વ્યકિત સાથે કેવી રીતે વ્યવહાર કરવો અને આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૨૨૯૩૯ (મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), ૧૧૨ (જનરક્ષક), ૧૪૪૧૬ (ટેલિમાનસ) વિશેની માહિતી આપી અને માનસિક સ્વાસ્થ્ય ઉપર શું અસર થાય છે તેમજ માનસિક સ્વાસ્થ્યની સમસ્યા ધરાવતી વ્યકિતને કેવી રીતે મદદ કરવી તે બાબતે મનોવૈજ્ઞાનિક સલાહકાર દર્શન પરમારે મનોવૈજ્ઞાનિક તેમજ સામાજિક માહિતી આપી હતી અને સાથે યુનિવર્સિટીના મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા આત્મહત્યા અટકાવવા માટે જે પ્રયાસો થાય છે તેમજ આ કેન્દ્ર માનસિક સ્વાસ્થ્યની મૂંઝાતા વિદ્યાર્થીઓને કેવી રીતે મદદરૂપ થશે એના વિષે માહિતી આપી હતી. સમગ્ર તાલીમનું સંચાલન મનોવૈજ્ઞાનિક સલાહકાર ઉલ્કા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ અને દર્શન પરમાર તેમજ કુમાર છાત્રાલય માંથી શ્રી ગૌતમભાઈ ગામીત તેમજ એમના કર્મચારીઓ અને કન્યા છાત્રાલયમાંથી શ્રી પૂજાબેન પટેલ અને તેમના કર્મચારીઓ તેમજ સાથે સમાજકાર્યની બે વિદ્યાર્થીનીઓ તેમજ "પ્રાથમિક આરોગ્ય વિભાગ"માંથી ૧૦૮ આરોગ્ય કટૉકટીની ટીમ અને ૧૧૨ જન રક્ષકની ટીમ ઉપસ્થિત રહી હતી. આમ કુલ ૨૫ શ્રોતાઓ ઉપસ્થિત હતા.

### વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા વિકાસ સપ્તાહ–૨૦૨૫ની ઉજવણીના અવસરે તારીખ ૦૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બાયોસાયન્સ વિભાગ ખાતે એક પ્રેરણાદાયી 'સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને યુવા પેઢીમાં સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્રકુમાર આર. પટેલ, એન.એસ.એસ.ના સંયોજકશ્રી ડૉ. શ્રીધર નિમાવત, એન.એસ.એસ.ના સહ–સંયોજકશ્રી ડૉ. મોસમ ત્રિવેદી, વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

"સ્વચ્છતા એ માત્ર શારીરિક પરિસ્થિતિ નહીં, પરંતુ માનસિક શુદ્ધતા અને રાષ્ટ્રીય શિસ્તનું પ્રતિબિંબ છે"

વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિશ્વવિદ્યાલય પરિસર તથા આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું. જેમાં કચરાનું વિભાજન, વૃક્ષારોપણ તથા પ્લાસ્ટિક મુકત પરિસર માટેનો સંદેશો આપવામાં આવ્યા. આ કાર્યક્રમ દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને નવી દિશા મળી, અને વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી તથા રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બની.

## Learning and Exposure Scheme


















રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ગુણવત્તા સુધારણા માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા "લર્નિંગ એન્ડ એકસપોઝર કમ સ્ટડી ટુર ફોર ફેકલ્ટીઝ" યોજના અંતર્ગત રાજ્યની યુનિવર્સિટીઓમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી, પ્રોફેસરો અને અધિકારીઓને રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રોની મુલાકાત માટે મોકલવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજનાનો મુખ્ય હેતુ રાજ્યની યુનિવર્સિટીઓ અને કૉલેજોને ભારત દેશની શ્રેષ્ઠ સંસ્થાઓ શૈક્ષણિક સંશોધન અને પ્રશાસન ક્ષેત્રે અપનાવવામાં આવતી શ્રેષ્ઠ પ્રથાઓનો પ્રત્યક્ષ અનુભવ મળે તે હેતુથી ભારતની ટોચની NIRF રેન્કિગ ધરાવતી તથા NAAC A++ માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓની મુલાકાત કરી તેઓ પોતાની સંસ્થામાં ગુણવત્તાયુકત શૈક્ષણિક, સંશોધન અને વહીવટી માળખું વિકસાવી શકે.

રાજ્ય સરકારની આ યોજના અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, IQAC ડિરેકટર ડૉ. અપૂર્વ દેસાઈ, R & D સેલ ડિરેકટર ડૉ. જયદીપ ચૌધરી, અને NEP નોડલ ઓફિસર ડૉ. ગૌરવ શાહે નીચેની અગ્રણી યુનિવર્સિટીઓની મુલાકાત લીધી હતી.

(૧) ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ, બેંગલોર – (NIRF ક્રમ 1, NAAC A++ ગ્રેડ)
(૨) ક્રિસ્ટ યુનિવર્સિટી, બેંગલોર – (NIRF ક્રમ 60, NAAC A+ ગ્રેડ)
(૩) બેંગલોર યુનિવર્સિટી, બેંગલોર – (NIRF ક્રમ 81, NAAC A++ ગ્રેડ)

આ મુલાકાત બાદ યુનિવર્સિટી ખાતે ૧૩ ઓકટોબર ૨૦૨૫ના રોજ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં યુનિવર્સિટીના તમામ શિક્ષકો અને કાયમી વહીવટી સ્ટાફ માટે ઉપરોક્ત સંસ્થા/યુનિવર્સિટીઓની શ્રેષ્ઠ પ્રથાઓ (Best Practices) અમલમાં લાવવા માટે પ્રેરણાત્મક કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ઉપસ્થિત શિક્ષકો અને અધિકારીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું. ડૉ.અપૂર્વ દેસાઈએ ત્રણેય યુનિવર્સિટિઓની મુલાકાત દરમ્યાન તેમને થયેલાં અનુભવો, આ યુનિવર્સિટીઓ દ્વારા અપનાતી ગુણવત્તાયુકત શૈક્ષણિક, સંશોધન અને વહીવટી પ્રશાસકીય પ્રથાઓ (Best Prectices) અને કામગીરી અંગે વિગતવાર માહિતી આપી હતી. ડૉ. જયદીપ ચૌધરીએ સંશોધન ક્ષેત્રે અસરકારક પ્રવૃત્તિઓ અને Reserch Culture develop કરવા અંગેની ચર્ચા કરી, જ્યારે ડૉ. ગૌરવ શાહે શિક્ષકોની કુશળતા અને રસને આધારે નવા અભ્યાસક્રમો શરૂ કરવાની જરૂરીયાત રજૂ કરી હતી. કાર્યક્રમનું સમાપન ડૉ. નરેન્દ્ર પટેલના આભારવિધિ સાથે કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલયમાં વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે, 'માનસિક સ્વાસ્થ્યની સમાજ ઉપર થતી અસર' પર કાર્યક્રમ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં તારીખ ૧૦ ઓકટોબર, ૨૦૨૫ના રોજ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રીતિ ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોગ વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગ દ્વારા તા. ૧૦/૧૦/૨૦૨૫ શુક્રવારના રોજ યોગ વિભાગમાં માનસિક સ્વાસ્થ્યના મુદ્દે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો જેમાં કાર્યક્રમનો વિષય 'માનસિક સ્વાસ્થ્યની સમાજ ઉપર થતી અસર' રહ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી ઉર્મિન દેસાઈએ વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું. જે અંતર્ગત માનસિક સ્વાસ્થ્યની જાળવણી કેવી રીતે કરવી અને માનસિક સ્વાસ્થ્યની આપણા શરીર ઉપર તેમજ સમાજ ઉપર શું અસર થાય છે તેના વિશે ખૂબ જ સારી રીતે સમજ આપી. સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આવેલ મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર માનસિક સ્વાસ્થ્યની મૂંઝાતા વિદ્યાર્થીઓને કેવી રીતે મદદરૂપ થશે એના વિષે સમગ્ર માહિતી ઉલ્કા પટેલે આપી હતી. આ ઉપરાંત વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણીના ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં એમ.એસ.ડબલ્યુ. વિભાગની ફિલ્ડ વર્કની વિદ્યાર્થીનીઓ સાથે ચિત્ર બનાવ્યા.

આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના યોગ વિભાગનાં પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગમાંથી મનોવૈજ્ઞાનિક સલાહકાર ઊર્મિન દેસાઈ, ઉલ્કા પટેલ તેમજ દર્શન પરમાર સાથે સાથે હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં યોગ વિભાગમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 'એન્સિયન્ટ યોગીક સાયન્સ એન્ડ ટૅક્નિક' કોર્ષની ત્રીજી બેચ પૂર્ણ, વિદ્યાર્થીઓને પ્રકાણપત્ર વિતરણ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઑફ કન્ટિન્યુઇંગ ઍજ્યુકેશન એન્ડ એક્સટેન્શન વર્ક દ્વારા સંચાલિત "એન્સિયન્ટ યોગીક સાયન્સ એન્ડ ટૅક્નિક" (૩ ક્રેડિટ શોર્ટ ટર્મ સટીફિકેટ કોર્ષ)ની ત્રીજી બેચ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે.

આ કોર્ષનો હેતુ પ્રાચીન યોગ વિજ્ઞાન અને આધુનિક ટૅક્નિકનું સંયોજન કરીને શારીરિક તેજ માનસિક આરોગ્યમાં

સુધારાઓ લાવવાનો છે. વિવિધ ઉંમરના તથા વિવિધ વ્યવસાયના લોકોએ આ કોર્ષમાં ભાગ લીધો હતો.

પ્રસંગે શ્રી દીપેશભાઈ સુખડિયા દ્વારા યોગથી થતા લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાદમાં માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે ડિપાર્ટમેન્ટના કૉ–ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ પટેલ, કોર્ષના ઇન્ચાર્જ શ્રી વિનોદભાઈ રાવલ તથા જીજ્ઞાબેનની ઉપસ્થિતિ રહી હતી. અંતે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા સૌએ યોગને જીવનશૈલીનો ભાગ બનાવવા આહ્વાન કર્યું હતું.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાની ટીમની પરીક્ષા વિભાગની મુલાકાત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની સુવ્યવસ્થિત અને આધુનિક પરીક્ષા પ્રક્રિયાને વિગતવાર સમજવા તેમજ તેને તેમની યુનિવર્સિટીમાં અમલમાં મૂકી શકાય તે હેતુસર શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના પ્રતિનિધિમંડળે તા. ૧૩/૧૦/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની ટીમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા પ્રક્રિયા, પ્રશ્નપત્રની તૈયારી, ગુપ્તતા જાળવણી, મૂલ્યાંકન પ્રક્રિયા, પરિણામ જાહેર કરવાની પદ્ધતિ, માર્કશીટ પ્રિન્ટીગની પ્રક્રિયા, પદવીદાન પ્રમાણપત્ર તૈયાર કરવાની પ્રક્રિયા તથા પદવીદાન સમારંભની તમામ પ્રકારની કામગીરીઓ અને તૈયારીઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુક તથા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ટીમને તમામ પ્રક્રિયાઓનો રૂબરૂ અભ્યાસ કરાવ્યો હતો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

મુલાકાતના અંતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની ટીમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિટીની પરીક્ષા વિભાગની સુચારુ, સુવ્યવસ્થિત અને પારદર્શક પરીક્ષા પદ્ધતિની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો અને આ પ્રકારની વ્યવસ્થા અને પદ્ધતિ તેમની યુનિવર્સિટીમાં પણ અમલમાં મુકવા માટે ઉપયોગી સૂચનો મેળવ્યા હતા.

## Department of Public Administration

## લોકપ્રશાસન વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ વેબિનાર: 'ગુજરાત રાઈઝેસ એઝ એ ગ્લોબલ ટૂરિઝમ હબ એન્ડ સ્ટાર્ટઅપ'




વિકાસ સપ્તાહના ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના લોકપ્રશાસન વિભાગ દ્વારા 'ગુજરાત રાઇઝેસ એઝ એ ગ્લોબલ ટૂરિઝમ હબ એન્ડ સ્ટાર્ટઅપ' વિષય પર એક વિશેષ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને લોકપ્રશાસન વિભાગના કૉ–ઓર્ડિનેટર અને આસિ.પ્રોફેસર ડૉ. મધુ એમ. થવાણી દ્વારા સુચારૂ રીતે સંચાલિત કરાયો હતો. જ્યારે ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. દીપિકા ગુપ્તા, શ્રીમતી મમતા મીના, ડૉ. મમતા ભક્કડ અને ડૉ. નિલમ પટેલની સક્રિય સહભાગિતા રહી હતી. વેબિનારના મુખ્ય વક્તા તરીકે પ્રો. જનકસિંહ મીના, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના પ્રોફેસર, ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગુજરાતના પર્યટન અને ઉદ્યોગસાહસ ક્ષેત્રમાં થયેલી મહત્વપૂર્ણ સફળતાઓનું વિગતવાર વિશ્લેષણ રજૂ કર્યું હતું. પ્રો.મીનાએ સ્ટેચ્યુ ઑફ યુનિટી, સોમનાથ, દ્વારકા મંદિર તથા વિવિધ પ્રસિદ્ધ મ્યુઝિયમ્સ જેવા મુખ્ય પર્યટન સ્થળોને ઉજાગર કર્યા હતા. તેમણે સુરક્ષા, મહેમાનનવાજી અને સાંસ્કૃતિક વારસાના મહત્વને પણ રેખાંકિત કર્યું, જે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષવામાં અત્યંત મહત્વપૂર્ણ છે. આ વેબિનારમાં ગુજરાતના ગતિશીલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેમાં યુવાનોની ભાગીદારી,નવીનતા અને સહયોગી અભિગમ દ્વારા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના પ્રયાસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષક મંડળ વચ્ચે સક્રિય ચર્ચા અને વિચારોના આદાન–પ્રદાનથી જાગૃતિ સર્જાઈ, જે દર્શાવે છે કે પર્યટન, નવીનતા અને સારા શાસન ગુજરાતના સર્વાંગી વિકાસમાં સહયોગી ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમનું સમાપન ઔપચારિક આભાર પ્રસ્તાવ સાથે કરવામાં આવ્યો હતો, જેમાં યુનિવર્સિટી તંત્ર તથા સહભાગીઓનો તેમના સહકાર અને સક્રિય ભાગીદારી બદલ હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

## Department of Architecture

### 'સંવાદ' કાર્યક્રમ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિટેકચર (GCPIA) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એક અનોખો કાર્યક્રમ યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના અધ્યક્ષપદે 'સંવાદ'ના શીર્ષક હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એક સાથે બે મહત્વપૂર્ણ પરંપરાઓનું પાલન થયું. નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન અને વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે ફેરવેલ સેરેમની. 'સંવાદ' માત્ર વાતચીતનો અર્થ દર્શાવતો નથી. પરંતુ એ વિદ્યાર્થી–શિક્ષક તથા સમાજ વચ્ચેના જ્ઞાન અને અનુભવોના વહેચાણનું પ્રતિક છે. નવા વિદ્યાર્થીઓ માટે આ મંચ પ્રેરણાદાયક, જ્યારે વિદાય લેતા વિદ્યાર્થીઓને સંસ્થાની યાદો સાથે એક નવો અધ્યાય શરૂ કરવાનો સંદેશ મળ્યો.

**ખાસ આકષર્ણો:** કાર્યક્રમમાં નવા વિદ્યાર્થીઓનું સ્વાગત તથા વિદાય લેતા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવા સાથે, તેમને પ્રેરણા મળે તેવા વિશિષ્ટ સંવાદ સત્રો યોજાયા. આ વર્ષે ખાસ આમંત્રિત મહેમાનો તરીકે હાસ્ય કલાકાર અને લેખકશ્રી મિલન ત્રિવેદી તથા પત્રકાર અને સાહિત્યકારશ્રી આશુ પટેલ ઉપસ્થિત રહ્યા.

બંને મહાનુભાવો વિદ્યાર્થીઓ સાથે "કલા અને આર્કિટેકચર –કાર્યક્ષમતા અને પ્રાવિણ્ય" વિષય પર ચર્ચા કરી. ચર્ચામાં ખાસ કરીને કલા–આર્કિટેકચરનો સંબંધ, સર્જનાત્મકતા સાથે કાર્યક્ષમતા જાળવવાની રીત, સમયનું સુચારું આયોજન સામાજિક જવાબદારી અને કારકિર્દી સાથે સંસ્કૃતનું જોડાણ જેવા મુદ્દાઓ આવરી લેવાયા.

**મહેમાનોનો સંક્ષિપ્ત પરિચય:**

શ્રી આશુ પટેલ – જાણીતા પત્રકાર અને સાહિત્યકાર. તેમના લોકપ્રિય કૉલમ્સ, નવલકથાઓ અને ત્રણ દાયકાના પત્રકારત્વના અનુભવથી તેઓ ગુજરાતી સાહિત્ય અને મીડિયા જગતમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

શ્રી મિલન ત્રિવેદી– લોકપ્રિય હાસ્ય કલાકાર, લેખક અને મનોરંજન જગતનું જાણીતું નામ. તેમનો હાસ્યપ્રવાહ મનોરંજન પૂરતો જ નથી, પરંતુ જીવનને હળવાશ અને આશાવાદી દૃષ્ટિકોણથી જોવાનો સંદેશ પણ આપે છે.

**કાર્યક્રમનો ઉદ્દેશ્ય:** આ સંવાદ વિદ્યાર્થીઓ માટે માત્ર અભ્યાસ કે આર્કિટેકચરની ચર્ચા પૂરતો નહોતો, પરંતુ જીવન દૃષ્ટિ, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાના નવા પરિમાણોને સમજવાનો અવસર બન્યો. નવા વિદ્યાર્થીઓને દિશા, આત્મવિશ્વાસ અને પ્રેરણા મળી, જ્યારે વિદાય લેતા વિદ્યાર્થીઓને સંસ્થામાંથી ભાવનાત્મક વિદાય સાથે સફળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

**સમાપન:** 'સંવાદ' દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય – ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિટેકચર (GCPIA)એ વિદ્યાર્થીઓને અભ્યાસ, સર્જનાત્મકતા અને જીવનદૃષ્ટિ –ત્રણે સ્તરે સમૃદ્ધ બનાવવા માટે એક અનોખું મંચ પુરૂં પાડયું.













## Department of Biotechnology

### વિશ્વવિદ્યાલયના બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા 'વિકાસ સપ્તાહ ૨૦૨૫'ની ઉજવણી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ ૨૦૨૫નું સફળ આયોજન તારીખ ૦૭ ઓક્ટોબર થી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં જ્ઞાન સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક જાગૃતિ વધારવાનો હતો. કાર્યક્રમ અંતર્ગત વિભાગ દ્વારા નીચે મુજબની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

કિવઝ સ્પર્ધા બાયોટેક્નોલોજી, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓના જ્ઞાનનું મૂલ્યાંકન કરવા માટે, નિબંધ લેખન સ્પર્ધા–નવીનતા અને વિકાસ જેવા વિષયો પર વિદ્યાર્થીઓની વિશ્લેષણાત્મક વિચારશકિત અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવા માટે, વોલ પેઇન્ટિંગ સ્પર્ધા– વિદ્યાર્થીઓને ચિત્રકલા દ્વારા વિકાસની તેમની કલ્પનાને રજૂ કરવાની તક આપવા માટે તેમજ નિબંધ લેખન સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતાઓ નીચે મુજબ રહ્યા.

પ્રથમ ક્રમ: સિરિગીરી શ્રાવરી (બી.એસસી.બાયોટેકનોલોજી સેમેસ્ટર–૩)
દ્વિતીય ક્રમ: રાઠોડ ધ્રુવી (બી.એસસી. માઈક્રોબાયોલોજી સેમેસ્ટર–૧)
તૃતીય ક્રમ: પટેલ ઝોબિયા (બી.એસસી. બાયોટેકનોલોજી સેમેસ્ટર–૩)

વોલ પેઇન્ટિંગ સ્પર્ધામાં બે ટીમોએ ઉત્કૃષ્ટ કલાત્મક પ્રતિભા પ્રદર્શિત કરી અને વિકાસ તથા ટકાઉપણાના વિષયને પ્રતિબિંબિત કરતી પ્રેરણાદાયી ચિત્રકૃતિઓ રજૂ કરી. જે બદલ બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રીએ તેમનો આભાર વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

તમામ વિજેતાઓને તેમના ઉત્તમ પ્રદર્શન માટે પ્રમાણપત્રો અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા બાયોટેક્નોલોજી વિભાગ તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન પાઠવે છે અને વિકાસ સપ્તાહ ૨૦૨૫ને સફળ બનાવવા બદલ તેમની પ્રશંસા કરે છે.

## Department of Statistics

### One-Week Faculty Development Programme on "Statistical Analysis with Python" at VNSGU





The Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat, successfully organized and concluded a One-Week (40 Hours) Faculty Development Programme (FDP) on "Statistical Analysis with Python" from 29 September to 4 October 2025, under the PM–USHA (Soft Component) scheme.

The programme was inaugurated on 29 September 2025 in the gracious presence of:

- Chief Guest: Dr. R. T. Ratani, Retired Professor, Department of Statistics, VNSGU
- President of the Function: *Dr. Bhavin Naik*, Dean, Faculty of Science, VNSGU & Principal, Patidar Gin Science College, Bardoli

The session was led by Dr. Arti J. Rajyaguru, Convener of the FDP and Head, Department of Statistics, along with Dr. Shital S. Patel, Organizing Secretary, with active support from the organizing committee members and student volunteers.

Over six days, the FDP featured 27 technical sessions each of 90 minutes, delivered by eminent resource persons from reputed universities and institutions across India. The sessions covered diverse topics such as:

- Python programming fundamentals
- Data handling and analysis using *NumPy*, *SciPy*, and *Pandas*
- Data visualization techniques
- Statistical modeling and inference

- Basics of machine learning
- Hands-on case studies using real-world datasets

The sessions provided participants with valuable exposure to computational and analytical tools for modern statistical analysis.

An Industrial Visit was organized to Finestar Jewellery and Diamonds Pvt. Ltd., Gujarat Hira Bourse, Ichhapore, Surat, on 29 September 2025. Participants gained first-hand insights into the diamond processing industry and explored the use of statistical and data analytics techniques in quality control, production management, and business optimization. The visit received enthusiastic appreciation for its practical relevance and real-world learning experience.

A memorable highlight of the FDP was the visit of Hon'ble Vice Chancellor, Dr. K. N. Chavda, on 2 October 2025. Despite his busy schedule, Dr. Chavda interacted personally with participants, sharing insightful perspectives on the importance of continuous learning, innovation, and research in higher education. As a thoughtful gesture, he presented each participant with a book as a token of appreciation, which was warmly received. His inspiring words and presence greatly motivated everyone present.

A total of 41 participants—including Assistant Professors, Lecturers, Teaching Assistants, Research Scholars, and an industry professional—took part in the FDP. Participants represented states such as Uttar Pradesh, Madhya Pradesh, Maharastra, Gujarat and New Delhi, and were affiliated with 11 different reputed universities/institutions including Jawaharlal Nehru University (JNU), Banaras Hindu University (BHU), Dr. Harisingh Gour University (Sagar), SVNIT, International Institute for Population Sciences, Mumbai, and colleges across Gujarat.

Each participant successfully completed 40 hours of intensive training that blended conceptual understanding with hands-on practice. The concluding sessions featured participant presentations based on self-selected datasets, demonstrating their enhanced ability to apply statistical methods using Python for real-world data analysis.

The Valedictory Function held on 4 October 2025 marked the successful completion of the FDP. Chief Guest: Dr. Dharmesh Raykundaliya, Professor and Head, Department of Statistics, Sardar Patel University, Anand, lauded the department's initiative and encouraged participants to integrate the knowledge gained into their teaching, research, and professional work.

Participants expressed deep appreciation for the well-structured content, expert guidance, and seamless organization of the programme.

The Department of Statistics extends its sincere gratitude to:

- Hon'ble Vice Chancellor, Dr. K. N. Chavda, for his constant encouragement and academic leadership,
- Registrar, Dr. R. C. Gadhvi, for his administrative support, and
- PM–USHA Coordinator, Prof. Jaydeep Chaudhari, for his valuable coordination throughout the programme.

The department also thanks all resource persons, participants, university authorities, organizing team members, and student volunteers for their dedicated efforts that made this FDP a resounding success.

## Special Lecture on 'Digital Literacy'




As part of the celebrations of Vikas Saptah, the organized an informative and engaging session on Digital Literacy on 11th October 2025. The aim of the session was to spread awareness about the responsible use of digital technologies and educate students on how to stay safe in the increasingly digital world. The session was graced by a respected official from the Cyber Crime Cell, Surat, who served as the guest speaker. understanding of how to navigate and protect oneself in the digital space. They explained that with the rise in internet usage, cybercrimes such as phishing attacks, financial frauds, identity theft, online scams, and cyberbullying have also seen a sharp increase. students were introduced to official government platforms for reporting cyber crimes and were encouraged to speak up and seek help in case they or someone they know falls victim to any such activity.The department expressed its gratitude to the Cyber Crime Cell, Surat, for collaborating in this educational initiative. The event proved to be an eye-opener for many students, reinforcing the idea that digital empowerment goes hand in hand with digital responsibility. Overall, the session was a great success and fulfilled its objective of promoting awareness, safety, and responsible behavior in the digital space.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'સ્વદેશી અપનાવો' કાર્યક્રમનું આયોજન






જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા 'સ્વદેશી અપનાવો' વિષયક સેમિનારનું આયોજન ઇ.ચા.આચાર્ય સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્વદેશી વિચારધારાના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો તથા રાષ્ટ્રીય આત્મનિર્ભરતા અને સાંસ્કૃતિક ગૌરવની ભાવના જગાડવાનો હતો. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલએ દેસાઈના પ્રસંગોચિત ઉદ્‌બોધન આપ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે શ્રીમતી અદિતિ કટયારે, રાષ્ટ્રીય સેવિકા સમિતિ (RSS)ની સેવિકા અને નેશનલ ફિઝિકલ ટ્રેનિંગ કમિટીની સભ્યએ માર્ગદર્શન આપ્યું હતું. તેઓ "સ્વયંસિદ્ધા" જેવા મહિલા સશકિતકરણ તથા સ્વરક્ષા તાલીમ કાર્યક્રમ સાથે પણ જોડાયેલા છે. તેમના પ્રેરણાદાયી પ્રવચનમાં તેમણે સમજાવ્યું કે સ્વદેશીનો અર્થમાત્ર વિદેશી વસ્તુઓનો બહિષ્કાર નથી, પરંતુ ભારતીય ઉત્પાદનોને પ્રાધાન્ય આપવાની સંકલ્પનાનો છે, જે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે. સ્થાનિક કારીગરોને ટેકો આપે છે, પર્યાવરણને અનુકૂળ અને જીવનશૈલીને પ્રોત્સાહિત કરે છે અને રોજગારી સર્જે છે. તેમણે જણાવ્યું કે સ્વદેશી અપનાવવું એ મહાત્મા ગાંધી, બાલ ગંગાધર તિલક અને લાલ બહાદુર શાસ્ત્રી જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને સત્ય શ્રદ્ધાંજલિ છે. સાથે જ તેમણે "મેક ઈન ઇન્ડિયા" અને "વોકલ ફોર લોકલ" જેવી આધુનિક પહેલ સાથે સ્વદેશીના મૂલ્યોને જોડીને તેને આજના સમયમાં પણ અત્યંત પ્રસ્તુત બનાવ્યા.

આ સેમિનારમાં ૧૪૯ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો અને વિચારોની આપલે સાથે પોતાની દૈનિક જીવનશૈલીમાં સ્વદેશી અપનાવવાના અનુભવ વહેંચ્યા. અંતમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકમંડળે જીવનમાં સ્વદેશી અપનાવવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ સેમિનાર વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી અને યાદગાર સાબિત થયો.

### જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં સાયબર ક્લબ હેઠળ અવેરનેસ પ્રોગ્રામ







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા. પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સાયબર કલબ હેઠળ "સ્માર્ટ ઓનલાઈન, સેઈફ ઓફલાઈન" પર વિમેન ઇન્ટરનેટ સેફટી એજ્યુકેશન (WISE)ના સહયોગથી આશરે ૨૦૦ બહેનો માટે કૉલેજના સાઈબર કલબ દ્વારા સાયબર સેફટી પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. ચિંતન પાઠક ઉપસ્થિત રહી બહેનોને નવરાત્રીની નવ માતાઓના ઉદાહરણ દ્વારા સાયબર સેફટીની અલગ અલગ સાવચેતીઓની વિગતવાર ચર્ચા કરી હતી.

એક સર્વે મુજબ, ભારતમાં લગભગ ૭૦% યુવાનો ઈન્ટરનેટ પર અલગ અલગ સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર ઇન્ફ્લ્યુએન્સર્સને ફોલો કરે છે. આજના યુવાનને જો એમ પૂછવામાં આવે કે, તમારા રોલ મોડેલ કોણ છે? તો મોટા ભાગનાને એ વાતની ખબર નથી કે, રોલ મોડેલ કહેવાય કોને? જેથી, આજનું જનરેશન ઇન્ટરનેટ પર આવતા કોઈ પણ ઇન્ફ્લ્યુએન્સર્સને કે ટ્રેન્ડને તેની ખરાઈ કર્યા વિના, તેના ઉપદેશને જાણ્યા કે તેના પરિણામોની ગંભીરતા સમજ્યા વિના આંધળું અનુકરણ કરે છે, જેથી તેઓ આવા સોશ્યલ મિડિયા પ્લેટફોર્મસ પર પોતાની વધુ ને વધુ અંગત અને મહત્વની માહિતી શેર કરતા હોય છે. જેના કારણે તેઓ જાણ્યે–અજાણ્યે ઇન્ટરનેટના એડીક બની જાય છે અને સાયબર ક્રાઈમનો ભોગ બની જાય છે.

૨૦૧૯માં 'વૃદ્ધાવસ્થામાં તમે કેવા દેખાશો?' એવી તસવીરો બનાવી આપતી રશિયન કંપની FACE APPનો ટ્રેન્ડ ઇન્સ્ટાગ્રામ પર વાયરલ થયેલ હતો. હાલ થોડા સમય પહેલા જ સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર ગીંભલી આર્ટનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જેમાં કોઈપણ સાદી ઇમેજની ગીંભલી આર્ટ એટલે કે ક્યૂટ કાર્ટૂન જેવી એનિમેટેડ ઇમેજ તૈયાર કરવામાં આવતી હતી.

હાલ તેવી જ ગૂગલ જેમિની એ.આઈ પર પોતાની પર્સનલ ઇમેજ જે 3D મોડેલ, પોલરાઈડ ઈમેજ તેમજ રેટ્રો ઇમેજમાં (૮૦ થી ૯૦ ના દસકની સાડી પહેરવાનો ટ્રેન્ડ) કન્વર્ટ કરવાનું ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આ બધા ટ્રેન્ડ ફોલો કરવા કેટલા સલામત અને કેટલા નુકશાનકરાક છે તેની પુષ્ટિ કર્યા વિના આડેધડ તેને ફોલો કરવામાં આવી રહ્યા છે અને પોતાનો

ફોટો તેના પર અપલોડ કરી. તેને ગુગલ જેમિની મદદથી આ રીતે કન્વર્ટ કરવામાં આવી રહ્યો છે. આ બધા ટ્રેન્ડ ફોલો કરવાનું મુખ્ય કારણ પોતાની જાતને એક કાલ્પનિક દુનિયામાં ઈમેજિન કરવાનું છે તેમજ પોતાને બીજા કરતા ચઢિયાતા બતાવાની માનસિકતા છે, જે પાછળથી યુવાનોના માનસિક સ્વાસ્થયને ખુબ જ ગંભીર નુકશાન પહોચાડે છે.

આવા ટ્રેન્ડ ભૂતકાળમાં પણ આવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવતા રહેશે. પરંતુ આ ટ્રેન્ડ ફોલો કરવાના કારણે નીચે મુજબના જોખમો ઊભા થઈ શકે છે.

(૧) ડેટા ચોરી (૨). ઈમેજ મોર્ફિંગ (૩). બાયોમેટ્રિક ડેટાની ચોરી (૪). સાયબર ક્રાઈમ (૫). બ્લેકમેઈલ (૬). માનસિક તણાવ (૭). પ્રાઈવસીને લગતા જોખમો (૮). ઓળખની ચોરી વગેરે

ગૂગલ જેમિની પરથી પોતાનો ફોટો દૂર કરવા નીચેના સાવચેતીના પગલા ભરો.

(૧) સૌ પ્રથમ ગૂગલ ક્રોમમાં જઈ ગૂગલ જેમિની એ.આઈ પર કિલક કરો (૨) ડાબી બાજુ આવેલ મેનુ આઈકોનપર કિલક કરો (૩) મેનૂ માંથી નીચે આવેલ સેટિંગ્સ એન્ડ હેલ્પ આઈકોન પર કિલક કરો (૪) સેટિંગ્સ એન્ડ હેલ્પ આઈકોન પર કિલક કરતા નવું મેનુ ખુલશે જેમાં એકિટવિટી ઓપ્શન પર કિલક કરો.

અહીંથી તમે તમારી ગૂગલ જેમિની એ.એઈમાં કરેલ તમામ એકિટવિટી તેમજ ફોટોગ્રાફસને ડિલીટ કરી શકો છો.

## ૭ દિવસીય NSS ખાસ શિબિરનું શેરડી ગામે સફળ સમાપન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ અને નેશનલ સર્વિસ સ્કીમ (NSS) યુનિટ દ્વારા તા. ૦૮ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ઓલપાડ તાલુકાના શેરડી ગામ ખાતે ૭ (સાત) દિવસીય ખાસ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરમાં સ્વયંસેવકોએ વિવિધ સામાજિક સેવાના કાર્યો કર્યા હતા.

શિબિર દરમિયાન સ્વયંસેવકોના ગામના શ્રી ગૌરીનારાયણેશ્વર મહાદેવ મંદિર પરિસરની સફાઈ અને સુશોભનનું કાર્ય કર્યું હતું. તેમણે રક્તદાન કેમ્પ અને આંખની તપાસણી કેમ્પનું આયોજન કર્યું, જેમાં ૧૩૪ વ્યકિતઓની આંખોની તપાસ કરવામાં આવી અને ૭૦ ચશ્માનું વિતરણ થયું. સ્વયંસેવકોએ ગામની પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણ આપ્યું, ઉપરાંત ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે વિકાસ સપ્તાહ ૨૦૨૫ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તમામ શિબિરાર્થીઓએ ભાગ લીધો કનાજ ગામમાં બની રહેલાં સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. શિબિરના છઠ્ઠા દિવસે, "બેટી બચાવો" અને "વ્યસનમુક્તિ" જેવા વિષયો પર જાગૃતિ રેલી યોજી હતી અને ગામમાં વસ્તી ગણતરી અને સરકારી યોજનાઓની માહિતી માટે સર્વે પણ હાથ ધર્યો હતો.

સમાપન સમારોહમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના NSS કૉ-ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવત અને ગામના સરપંચશ્રી નરેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સ્વયંસેવકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા અને રાષ્ટ્રીય ગીત ગાઈને તથા ગરબા રમીને શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું. NSS સ્વયંસેવકોએ સમાજસેવા, શિસ્ત, સહકાર અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યોને હૃદયપૂર્વક અપનાવ્યા હતા.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બૅંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## યુનિવર્સિટી ઈન્ટર કૉલેજ વેઈટ લિફિટંગમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કૉલેજના વિદ્યાર્થીનીઓ ઝળકિયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતની ઈન્ટર કૉલેજ વેઈટ લિફ્ટિંગ ટુર્નામેન્ટ તા. ૦૧ ઓકટોબર ૨૦૨૫ના રોજ પી.આર.બી. અને પી.જી. આર. કોમર્સ કૉલેજ, બારડોલી દ્વારા યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ આફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની સિંગ કાજલ રાજીવભાઈએ બ્રોન્ઝ મેડલ, ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની પટેલ ઉર્વી નરેશભાઈ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. અસ્મિતા ખેલો ઇન્ડિયા અંતર્ગત સર.સી.જે.એન.ઝેડફ

પારસી મદ્રેસા હાઈસ્કુલમાં તા. ૨૮/૦૯/૨૦૨૫ના રોજ નવસારી ખાતે વેઈટ લિફ્ટિંગ સ્ટેટ લેવલ ટુર્નામેન્ટમાં બી.કોમ. સિંગ કાજલ રાજીવભાઈએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતું. વિદ્યાર્થીનીઓને આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## યુનિવર્સિટી ઇન્ટર કૉલેજ કુસ્તીમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કૉલેજનો વિદ્યાર્થી ઝળકિયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતની ઇન્ટર કૉલેજ કુસ્તી ટુર્નામેન્ટ તા. ૦૩ ઓક્ટોમ્બર ૨૦૨૫ના રોજ એસ.પી.બી.ઇંગ્લિશ મિડિયમ કૉલેજ, સુરત દ્વારા યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી વરિયા દિવ્યાંગે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીને આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## જીવન જ્યોત ટ્રસ્ટની અમરોલી સ્વનિર્ભર કૉલેજનું ગૌરવ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીનો વિદ્યાર્થી શ્રી રાશિયા યશ અનિલભાઈ (T.Y.B.C.A)એ ૨૨ મી સિનિયર નેશનલ રોલ બોલ ચેમ્પિયનશીપ-૨૦૨૫નું આયોજન ગોલ્ડન ઇન્ટરનેશનલ સ્કૂલ, RAU, ઇન્ડોર, એમ.પી. ખાતે થયું હતું. જેમાં ગુજરાત ટીમનું કેપ્ટન તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું અને ગુજરાત ટીમ આ સ્પર્ધામાં રનર્સઅપ રહી છે. મેદાન પર તેમના સમર્પણ, કૌશલ્ય અને નેતૃત્વએ કૉલેજ અને ગુજરાત રાજ્યનું ગૌરવ વધારવા બદલ કૉલેજના સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા, આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## જીવન જ્યોત ટ્રસ્ટની અમરોલી સ્વનિર્ભર કૉલેજમાં તાલીમ શિબિરનું આયોજન થયું હતું.



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ આફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫ દરમ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૈકી તા. ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ દરમ્યાન એન.સી.સી. કેડેટ્સ માટે જીલ્લા કક્ષા યુવક નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન થયું હતું. આ શિબિરના મુખ્ય વકતા કૉલેજના પ્રા. ડૉ. અનિલા પિલ્લાઈ (એન.સી.સી. સી.ટી.ઓ.)એ રામાયણના વિવિધ પાત્રો જેવા કે, ભગવાન રામ, હનુમાનજી, લક્ષ્મણ અને રાવણના નમ્રતા, નેતૃત્વ અને બુદ્ધિમતા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ શિબિરમાં કુલ ૨૫ એન.સી.સી.કેડેટ્સ ભાગ લીધો હતો. જ્યારે તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૫નાં રોજ રમતગમત, યુવક અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર પ્રેરિત જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, સુરત દ્વારા આયોજિત અમરોલી ઝોન, કક્ષા અનુસુચિત જનજાતિના યુવક યુવતિઓ માટે વ્યકિતગત વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન થયું હતું. જે અંતર્ગત ડૉ. હેતલ ઢીમ્મર દ્વારા વિદ્યાર્થીઓનેવિવિધ સંસ્કૃતિક કાર્યક્રમો, રમતગમત અને યોગાસન કરાવવામાં આવ્યા હતા. જીલ્લા કક્ષા યુવક નેતૃત્વ તાલીમ શિબિર અને અમરોલી ઝોન, કક્ષા અનુસુચિત જનજાતિના યુવક યુવતિઓ માટે વ્યકિતત્વ વિકાસ યોગાસન તાલીમ શિબિરનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના તેમજ રમતગમત અધિકારી શ્રીમતી રાધિકા લાઠીયા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### વેઈટ લિફટીગ સ્પર્ધામાં સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કૉલેજ વેઈટ લિફટીગ સ્પર્ધામાં અમરોલી કૉલેજ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) પઠાન સહારયાર જાહિદઅલિ ૭૯ કિ.ગ્રામ ગ્રૂપમાં સ્નેચ ૯૬ કિ.ગ્રામ વજન અને ક્લેન એન્ડ જર્ક ૧૦૯ કિ.ગ્રામ વજન સાથે કુલ ૨૦૫ કિ.ગ્રા.વજન ઊંચકી પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) શ્રી. કેવલ અનીલભાઈ રાણાએ ૧૧૦ કિ.ગ્રા. ગ્રૂપમાં સ્નેચ ૭૦ કિ.ગ્રામ ક્લેન એન્ડ જર્ક ૧૦૪ કિ.ગ્રામ વજન સાથે કુલ ૧૭૪ કિ.ગ્રામ. વજન ઉચકી તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ શૈખ ફર્હાન ફરિદભાઈ, શ્રી સોહમ અનિલભાઈ પટેલ, શ્રી. દિપાન્શુ કેયુરભાઈ સોલંકી, અને શ્રી મહાજન ક્રિષ્ણા વિજયભાઈ, આ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર યુનિવર્સિટીમાં નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, શારિરીક શિક્ષણના પ્રા. સી.કે.અસારિયા, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

### સ્વદેશી અભિયાન અંતર્ગત Be Indian, Buy Indian: Strengthening our Economy વિષય પર વક્તવ્ય



નવયુગ કોમર્સ કૉલેજ – NSS વિભાગ પ્રિ. ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૧/૧૦/૨૦૨૫ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના સ્વદેશી અભિયાન અંતર્ગત "Be Indian, Buy Indian: Strengthening our Economy" વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. અંકિતા ઝાડેશ્વરિયાએ (NSS Programme Officer) પોતાનું વક્તવ્ય આપ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, સ્વદેશી આપણું સ્વાભિમાન છે, સ્થાનિકને સહારો આપવો એટલે દેશને મજબૂત બનાવવો, ભારતીય બનવું હોય તો ભારતીય વસ્તુઓ અપનાવવી પડશે. સાથે જ તેમણે વોકલ ફોર લોકલ તથા આત્મનિર્ભર ભારત જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ આયોજન NSS ઑફિસર ડૉ. રુપેશ દવે તથા ડૉ. ધરિત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

### એન.એસ.એસ.યુનિટ દ્વારા ભારત વિકાસ શપથ કાર્યક્રમ




નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ 'ભારત વિકાસ શપથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલ સરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા, ડૉ. રૂપેશ દવે તથા ડૉ. ધરિત નાયક સર દ્વારા વિદ્યાર્થીઓને ભારત વિકાસ શપથ લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશના સર્વાંગી વિકાસ, સ્વચ્છતા, એકતા, સમાજસેવા તથા રાષ્ટ્રપ્રેમ માટે હંમેશા સક્રિય રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

### વેઈટ લિફટીગ સ્પર્ધામાં સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કૉલેજ વેઈટ લિફટીગ સ્પર્ધા બારડોલી કૉલેજ ખાતે યોજાઈ

હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) કું. છાયા પ્રદીપભાઈ મોરે ૮૯ કિ.ગ્રામ ગ્રૂપમાં સ્નેચ ૨૦ કિ.ગ્રામ વજન અને ક્લેન એન્ડ જર્ક ૩૨ કિ.ગ્રામ વજન સાથે કુલ ૫૨ કિ.ગ્રા.વજન ઊંચકી પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર યુનિવર્સિટીમાં નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા.સી.કે. અસારિયા, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## કુસ્તી સ્પર્ધામાં યુનિવર્સિટી લેવલે સિદ્ધિ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ કુસ્તી સ્પર્ધા ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ વરાછા આયોજીત યુનિવર્સિટી ખાતે યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કૉલેજની ખેલાડી કું. કૃપા રાજેશભાઈ રાવઈએ ૫૦ કિ.ગ્રા.ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેઓ ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑફ કોટા. મુકામે રમવા જશે. તે બદલ આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, જીમખાના વિભાગના અધ્યક્ષ શ્રી. ડૉ. બ્રિજેશ પટેલ, શારીરિક શિક્ષણ વિભાગના પ્રા.સી.કે.અસારિયા તેમજ કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## ઉડીશા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં ઉડીશા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે જાગૃતિ અને માર્ગદર્શન આપવાનો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી દર્શન સાહેબ અને કરિયર એમ એકેડેમીના ડિરેક્ટર શ્રી પીકેશ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને વિવિધ ગવર્મેન્ટ પરીક્ષાઓ જેમ કે ક્લાસ–૩, જી.પી.એસ.સી/યુ.પી.એસ.સી. અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સમજાવ્યું કે આ પરીક્ષાઓ માટે અલગ અલગ વિષયો જેમ કે જનરલ નોલેજ, કરંટ અફેર્સ, ગણિત, રિઝનિંગ, અંગ્રેજી ભાષા, તથા કોમ્પ્યુટર જ્ઞાનનું મહત્વ રહે છે. સાથે સાથે તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે યોગ્ય સમયપત્રક આત્મવિશ્વાસ સાથે સતત પ્રયત્નનું મહત્વ પણ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલ એસ. વસાવાના માર્ગદર્શન હેઠળ તથા ઉડીશા કૉ–ઓર્ડિનેટર પ્રો. વર્ષા બી. રાણાના સંકલનથી સફળતાપૂર્વક યોજાયો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ ડૉ. પૂજા વાઘેલા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સરકારી નોકરીઓ સંબંધિત વિવિધ તકો તથા તૈયારીની પ્રક્રિયા વિશે મૂલ્યવાન માર્ગદર્શન મેળવ્યું.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઑફ કોમર્સ, નવસારી.

## 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ' અવેરનેશ કાર્યક્રમ



શિક્ષણ અને સંસ્કાર સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું કાર્ય કરતી એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારીમાં એન.એસ.એસ., એન.સી.સી., જીમખાના સમિતિ, આઈ.ક્યુ.એ. સેલ તેમજ NDRF-6 બટાલિયન વડોદરાના સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ' અવરનેશ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની

શરૂઆત વિદ્યાર્થીની કુ. સંગીતા રાજભરની પ્રાર્થનાથી થઈ હતી. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબે મુખ્ય મહેમાનશ્રી રમેશભાઈ (પોલિસ ઇન્સ્પેકટર)નું પુષ્પગુચ્છથી સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્દબોધન રજૂ કર્યું હતું. મુખ્ય મહેમાનશ્રી રમેશભાઈએ તથા એમની ટીમે કુદરતી અને માનવસર્જિત આપદાના કેટલાક ઘરેલુ ઉપચારો જેવા કે શરીરમાંથી નીકળતા બ્લડને રોકવા, ઘા–ફ્રેકચર, હાર્ડએટેકો તથા સીપીઆરના ઘરેલુ ઉપચારોની પ્રાયોગિક ધોરણે વિસ્તૃત માહિતી પૂરી પાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબે પણ આ કાર્યક્રમમાં હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના એન.સી.સી. ઑફિસર ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી, જીમખાના સમિતિના અધ્યક્ષશ્રી ડૉ. અરવિંદભાઈ પટેલ, શારિરીક શિક્ષણના અધ્યાપક ડૉ. ચિરાગ ટંડેલ તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર ડૉ. રાધાબેન ગૌતમ અને શ્રીમતી હેતલબેન નાયકે કાર્યક્રમને સફળ બનાવવા અથાક પ્રયત્ન કર્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ., એન.સી.સી. અને જીમખાના સમિતિના કુલ ૧૧૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન શ્રી કિશોરભાઈ પટેલે કર્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આટ્ર્સ કૉલેજ, વાલીયા.

### ગાંધી જયંતિ ઉજવણી અંતર્ગત ગાંધીજીના આર્થિક વિચારો પર આધારિત ઓનલાઈન ક્વિઝનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલીયાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૦૧/૧૦/૨૦૨૫ બુધવારના રોજ ગાંધી જયંતિ ઉજવણી અંતર્ગત ગાંધીજીના આર્થિક વિચારો પર આધારિત ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન ક્વિઝમાં ગાંધીજીના આર્થિક વિચારો, ટ્રસ્ટીશિપ, સાદું જીવન અને ઉચ્ચ વિચાર, આર્થિક વિકાસ, ગ્રામઉદ્યોગ, શારીરિક શ્રમ, સ્વદેશી, લોકોની સુખાકારી, ગરીબી નાબૂદી વગેરે અંગેના ગાંધીજીના વિચારો પર આધારિત પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. આ ઓનલાઈન ક્વિઝમાં કૉલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૫૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ઓનલાઈન ક્વિઝનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન અને પઠાણ અને શિતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિશ્વ ઑઝોન દિવસ ઉજવણી અંતર્ગત ઑનલાઈન ક્વિઝનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલીયા ઇનચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિ બી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ ઑઝોન દિવસ ઉજવણી અંતર્ગત ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનલાઈન ક્વિઝમાં વિશ્વ ઑઝોન દિવસ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫, ઑઝોન સ્તર, ઑઝોન સ્તરને નુકસાન પહોંચાડનાર રસાયણ, મોન્ટ્રીયલ પ્રોટ્રોકોલ, ઑઝોન સ્તરનું મુખ્ય કાર્ય, ઑઝોન સ્તર ક્ષય થવાથી થતી બીમારીઓ, ઑઝોન સ્તરને બચાવવા માટેના ઉપાયો વગેરે મુદ્દાઓ પર આધારિત પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. આ ઓનલાઈન ક્વિઝમાં કૉલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૧૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ઑનલાઈન ક્વિઝનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને શિતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિકાસ સપ્તાહની ઉજવણી ૨૦૨૫ અંતર્ગત ગુજરાતી વિભાગ દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલીયા (જી. ભરૂચ)માં વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત ગુજરાતી વિભાગ તરફથી તા. ૨૯–૦૯–૨૦૨૫ ના સોમવારના રોજ નોડલ ઑફિસર ડૉ. શર્મિલાબેન પટેલ અને કૉલેજ ઇન્ચાર્જ ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૬ જેટલી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વળવી આરતીકાબેન વિલાસભાઈ, દ્વિતીય ક્રમે વસાવા અંજીતાબેન ભઈલાલભાઈ અને તૃતીય ક્રમે વસાવા ગ્રીની કુમારી દિનેશભાઈ રહ્યાં હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા ડૉ. અલકાબેન ચૌહાણ અને પ્રા. પ્રિયા ચૌહાણએ બજાવી હતી તથા સમગ્ર સ્ટાફે આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

### વિકાસ સપ્તાહની ઉજવણી ૨૦૨૫ અંતર્ગત હિંદી વિભાગ દ્વારા "વિકાસ પ્રતિજ્ઞા" કાર્યક્રમનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલીયા જી–ભરૂચ ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર

ક્રમાંક ઉશિક/યુનિ/વિકાસ સપ્તાહ/૨૦૨૫/૩૫૪૪A અનુસાર હિંદી વિભાગાધ્યક્ષ અને વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત કૉલેજ કક્ષાના નોડલ ઑફિસર ડૉ. શર્મિલા એસ. પટેલ દ્વારા તા. ૨૩/૦૯/૨૦૨૫ને મંગળવારે સવારે ૭:૪૫ કલાકે વિદ્યાર્થીઓને શિક્ષણ સંશોધન, નવીનતા અને સર્જનાત્મકતા દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન, પર્યાવરણ સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ મહિલા સશક્તિકરણ તેમજ સામાજિક ક્ષેત્રે અંધશ્રદ્ધા અને નશાખોરી જેવા દૂષણો દૂર કરી રાષ્ટ્ર પ્રેમ, એકતા, ભાઈચારો તેમજ લોકશાહી મૂલ્યોનું જતન કરી ૨૦૪૭ સુધી ભારતને વિકસિત કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. જેમાં કૉલેજની કુલ ૨૨૨ વિદ્યાર્થીઓને હિંદી વિષયના પ્રા. મિરલબેન ચૌહાણ, પ્રા. વિશાલ વસાવા તેમજ સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### સંસ્કૃત વિભાગ દ્વારા 'વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલીયામાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત ઇન–ચાર્જ આચાર્ય ડૉ. નિયતિ બી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત વિભાગ દ્વારા તા. ૩૦/૦૯/૨૦૨૫ના રોજ "વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વક્તૃત્વ સ્પર્ધામાં ઈનચાર્જ આચાર્ય ડૉ. નિયતિ બી. ભટ્ટ દ્વારા વિકાસ સપ્તાહાર્થે વકતવ્ય આપીને આ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ વક્તૃત્વ સ્પર્ધા કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. અલકાબેન એન. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વસાવા પ્રતીક્ષા વી., દ્વિતીય ક્રમે સોલંકી નિશા આર., તૃતીય ક્રમે વસાવા પીનલ જે. રહ્યાં હતાં. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ તેમજ સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.



### અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### 'અંગ અંગની અંગકસરત' પુસ્તકનું વિમોચન

અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુ ખાતે આરોગ્ય જાગૃતિના ભાગરૂપે 'અંગ અંગની અંગકસરત' નામક પુસ્તકનું વિમોચન વિધિવત્ રીતે કરવામાં આવ્યું. આ પુસ્તકના લેખક કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. ઉપેન્દ્ર દેસાઈ છે. આ પ્રસંગે અગ્રવાલ કૉલેજ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના પ્રિન્સિપાલ, ફેકલ્ટી સભ્યો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તકમાં માઇક્રો યોગાના આધારે માથાથી પગ સુધીના દરેક અંગ માટેની સરળ અને દૈનિક કસરતોનું વર્ણન કરવામાં આવ્યું છે, જે રોજિંદી તંદુરસ્તી અને માનસિક શાંતિ માટે ઉપયોગી છે. પ્રિન્સિપાલશ્રીએ જણાવ્યું કે આ પુસ્તક દ્વારા દરેકને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થવાથી અને સ્વાનુશાસન અપનાવવાની પ્રેરણા મળશે. ડૉ. દેસાઈએ જણાવ્યું કે, 'અંગ અંગની અંગકસરત' માનવ શરીરના દરેક અંગની સુક્ષ્મ ચાલને પ્રેરિત કરી, શરીર અને મન વચ્ચેનું સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે. ટૂંકમાં, આ પુસ્તિકા "તમારી તંદુરસ્તી એ જ અમારું લક્ષ્ય "સૂત્રને ધ્યાનમાં રાખીને લખાઈ છે. આ પ્રસંગે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ દ્વારા ડૉ. દેસાઈને પુસ્તક પ્રકાશન માટે અભિનંદન પાઠવ્યા હતાં.



### T. & T.V. Institute of Nursing, Surat.

### 'ગરબો–ઉત્સવ ૨૦૨૫' કાર્યક્રમનું ભવ્ય આયોજન

વિનસ હોસ્પિટલ, રામપુરા, સુરત ખાતે નવરાત્રી ઉત્સવની ઉજવણીના પારંપારિક અવસર પર "ગરબો–ઉત્સવ ૨૦૨૫" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ટી.એન્ડ.ટી.વી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ તથા વિનસ હોસ્પિટલ દ્વારા સંયુકત રીતે આયોજિત કરવામાં આવ્યું હતો, જ્યારે સમગ્ર કાર્યક્રમ એસ.ડી.વી.એસ.અશક્ત શ્રમ ટ્રસ્ટના નેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત ગરબા રાઉન્ડથી કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તિમય પ્રાર્થના અને આરતી યોજાઈ હતી. કાર્યક્રમમાં માનનીય મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં અમારા માનનીય જજ શ્રીમતી રાજુલ મહેતા અને શ્રીમતી મિરમ્બિકા શુકલા, મુખ્ય અતિથિ અને ટ્રસ્ટીશ્રી હરેશ મહેતા, વિનસ હોસ્પિટલના શ્રી ધવલ શાહ, ડૉ.અંકિત દેસાઈ, નર્સિંગ કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. કિરણકુમાર દોમાડિયા, વાઈસ પ્રિન્સિપાલ શ્રી જીમી જેમ્સ મોગારિયા, તથા વિનસ હોસ્પિટલના શ્રી ઉલ્લાસ ઉદયન હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં ટી.એન્ડ ટી.વી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગના તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફના સભ્યો અને હોસ્પિટલના તબીબો, કર્મચારીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. સૌએ પરંપરાગત વેશભૂષામાં રંગીન અને આકર્ષક ઉપસ્થિતિ

નોંધાવી હતી. સાંસ્કૃતિક વાતાવરણથી ભરેલું વાતાવરણ સૌને મંત્રમુગ્ધ કરી રહ્યું હતું.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ગરબા સ્પર્ધા રહી હતી. સ્પર્ધા બાદ ઇનામ વિતરણ સમારંભ યોજાયો હતો. તેમાં નીચેની બે કેટેગરી હેઠળ પુરસ્કારો આપવામાં આવ્યા.

શ્રેષ્ઠ પરંપરાગત પોશાક (પુરુષ અને મહિલા)

શ્રેષ્ઠ ગરબા પ્રસ્તુતિ/મૂવમેન્ટ (પુરુષ અને મહિલા)

વિજેતાઓના નામ અમારા આદરણીય જજ શ્રીમતી રાજુલ મહેતા અને શ્રીમતી મિરમ્બિકા શુક્લા દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. ઇનામ અતિથિઓના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

## વિશ્વ મેન્ટલ હેલ્થ દિવસ નિમિત્તે સિંગણપોર શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે જાગૃતિ કાર્યક્રનું આયોજન

ટી.એન્ડ.ટી.વી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ, રામપુરા, સુરત દ્વારા વિશ્વ મેન્ટલ હેલ્થ દિવસ નિમિત્તે સિંગણપોર શહેરી આરોગ્યકેન્દ્ર ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના બીજા વર્ષના GNM નર્સિંગ અને ત્રીજા વર્ષના B.Sc. નર્સિંગના વિદ્યાર્થીઓએ સરળ અને વિશ્વ માનસિક આરોગ્ય દિવસની થીમ આધારીત શેરી નાટક જેમાં વિદ્યાર્થીઓએ રજૂ કરેલી શેરી નાટિકામાં માનસિક તાણ, ડિપ્રેશન અને આત્મહત્યા જેવી ગંભીર પરિસ્થિતિઓને સંભાળવા માટે પ્રેરણાદાયક સંદેશ આપ્યો અને જાહેર આરોગ્ય જાગૃતિ આધારિત સમાજમાં માનસિક આરોગ્યનું મહત્વ, સારસંભાર અને આકસ્મિક રીતે માનસિક આરોગ્યની સમયસર સારવાર આવરી લેતુ પોસ્ટર પ્રદર્શન રજૂ કર્યા હતા. આ વર્ષે વિશ્વ મેન્ટલ હેલ્થ દિવસ-૨૦૨૫નો વિષય હતો.

**"Access To Services: Mental Health in Catastrophe and Emergencies"**

**અર્થાત- "આપત્તિ અને કટોકટીના સમયમાં માનસિક આરોગ્ય સેવાઓની પહોંચ"**

કાર્યક્રમ દરમિયાન મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નસિંગ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેંટ શ્રી ઇકબાલભાઈ કડીવાલાએ આરોગ્યજાગૃતિ પોસ્ટર અને પ્રદર્શનને જાહેર જનતા માટે ખુલ્લુ મુક્યું હતું. સિંગણપોર અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઑફિસર ડૉ. જીગ્નેશ પટેલ, ડૉ. અલ્પનાબેન નંદેશ્વરી, ડૉ. દ્રષ્ટી ગામીત, હેડ નર્સ જાગૃતિબેન, સંસ્થાના પ્રિન્સીપાલ પ્રો. કિરણ દામોડિયા, વાઈસ પ્રિન્સીપાલ જિમી મોગરિયા, મેન્ટલ હેલ્થ વિભાગની વડા શ્રીમતી તન્વીબેન, અંજલી ભડકીવાલા, નર્સિંગ અસ્સો.ના શ્રી વિરેન પટેલ તેમજ સંસ્થાના અન્ય શિક્ષકવર્ગ, આરોગ્ય કેન્દ્રના સ્ટાફ સહિત ટી.એન્ડ ટી.વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્ઘાટનમાં શ્રી ઇકબાલભાઈ કડીવાલાએ પોતાના ઉદ્બોધનમાં માનસિક આરોગ્ય પ્રત્યે સમાજમાં વધતી જતી અવગણના, તણાવ અને ડિપ્રેશન જેવા મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો અને આરોગ્યકર્મી, તબીબો અને સમાજને એક કડીમાં જોડીને સાંકળવાથી માનસિક આરોગ્યની અટકાયત અને સારવાર સારી બને. આ જાહેર આરોગ્યલક્ષી શિક્ષણ અને સરહના કરી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે પ્રો. કિરણ દોમડિયાએ મેન્ટલ હેલ્થ જાળવવા માટે સકારાત્મક વિચારસણી, યોગ્ય સલાહ તેમજ સમયસર કાઉન્સેલિંગનું મહત્વ સમજાવ્યું અને કાર્યક્રમની પ્રશંસા કરી. સમાજમાં આરોગ્ય જાગૃતિ પોસ્ટર પ્રદર્શન દ્વારા માનસિક સ્વાસ્થ્ય સંબંધિત શિક્ષાત્મક સંદેશો સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ અને શેરી નાટકથી સમજ આપી વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણી કરી હતી.

## ભારતરત્નશ્રી વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે-રાષ્ટ્રીય એકતા દિવસ પર અખંડિતતા અને સુરક્ષાના સંદેશની ટી.એન્ડ ટી.વી.ઇન્સ્ટટયુટ ઑફ નર્સિંગ, સુરતના નર્સિંગ શિક્ષકોએ પ્રતિજ્ઞા લીધી હતી



૩૧ ઓકટોબર, ૨૦૨૫-રાષ્ટ્રીય એકતા દિવસ, જેને રાષ્ટ્રીય એકતા દિવસ ઓળખવામાં આવે છે, ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ટી.એન્ડ ટી.વી.ઇન્સટીટયુટ ઑફ નર્સિંગ, રામપુરમ, સુરત દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ સ્વતંત્રતા પછી રાષ્ટ્રના એકીકરણ અને એકતામાં તેમના નોંધપાત્ર યોગદાનને ચિહ્નિત કરે છે. આ ઉજવણીની શરૂઆત અખંડ ભારતના શિલ્પી, ભારતમાતાનું અદકેરું સંતાન, ભારતના લોખંડીપુરુષ, જગતના તાત એવા કિસાનપુત્ર એવા સરદાર પટેલના જીવન અને સિદ્ધિઓ વિશે સંક્ષિપ્ત પરિચય સાથે થઈ હતી, જેમાં રજવાડાઓને એક રાષ્ટ્રમાં જોડાવામાં તેમના પ્રયાસો પર પ્રકાશ ,પાડવામાં આવ્યો હતો. એક ખાસ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટી.એન્ડ ટી.વી.ઇન્સ્ટીટયૂટ ઑફ નર્સિંગ, રામપુરા, સુરતના આચાર્ય એ રાષ્ટ્રીય એકતા દિવસ પર પ્રતિજ્ઞા લેવડાવી હતી.

"હું ગંભીરતાથી પ્રતિજ્ઞા લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવવા માટે મારી જાતને સમર્પિત કરીશ અને, મારા દેશવાસીઓમાં આ સંદેશ ફેલાવવા માટે સતત પ્રયાસ કરીશ. હું આ પ્રતિજ્ઞા મારા દેશની એકતાની ભાવનામાં લઉં છું જે સરદાર વલ્લભભાઈ પટેલના દ્રષ્ટિકોણ અને કાર્યો દ્વારા શક્ય બન્યું છે. હું મારી આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવાનો પણ ગંભીરતાથી સંકલ્પ કરું છું"

જેમાં દરેક દેશમાં શાંતિ, એકતા અને અખંડિતતા જાળવવા માટે કામ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યાં.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-10-2025 to 31-10-2025

| Detail | Description | Oct. - 2025 | |
|---|---|---|---|
| User | Visitors | 1562 | |
| | Internet Lab User | 49 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | | |
| | UG/PG Students | 69 | |
| | Research Scholars | 12 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 3 | |
| | Online User | 1060 | |
| | Total | | 2755 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| October-2025 | 292 | 425 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2025 | 14 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2025 | 17 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2025 | 13 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in